ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૯.૧૨.૨૦૧૮

-------------

# આજરોજ ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશન કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરાયુ

-------------

ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે આજરોજ ૨૧,૨૨ ડિસેમ્બરના રોજ અડાલજ પાસે આવેલ ત્રિમંદિર ખાતે યોજાનાર ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશન માટેના ખાસ કાર્યાલયનું ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવે મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા મા.શ્રી વિજ્યા રાહટકરની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુક્યુ હતુ.

ભારત માતા કી જય, વંદે માતરમ્ ના નારાઓથી મહિલા મોરચાના કાર્યકરોએ વાતાવરણ ગજવી મુક્યુ હતુ. કાર્યાલયના ઉદ્‌ઘાટનના પ્રસંગે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંડ્યા, મહામંત્રી કૌશલ્યાકુંવરબા, રાજ્ય સરકારના મંત્રી શ્રી વિભાવરીબેન દવે, પૂર્વમંત્રી શ્રી જશુબેન કોરાટ, ભાજપાના પ્રદેશ મંત્રી દર્શીનીબેન કોઠીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૯.૧૨.૨૦૧૮

---

**તારીખ ૨૧ ડિસેમ્બરે ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રની રાજનીતિના ચાણક્ય અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ કરશે**

---

**તારીખ ૨૨ ડિસેમ્બરે ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનનું સમાપન રાષ્ટ્રભક્ત અને ગુજરાતના સપૂત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી કરશે**

---

**રાષ્ટ્રભરમાંથી રાષ્ટ્રીય અધિવેશનમાં મહિલાશક્તિ ઉમટશે ૨૦૧૯ની ચૂંટણીનો મહત્વનો આધારસ્થંભ ગુજરાતમાંથી અધિવેશન થકી ઉભો થશે**

---

**ગુજરાત ભાગ્યશાળી છે જેને નારીશક્તિ સન્માનનું સૌભાગ્ય મળ્યુ છે. ગુજરાતના કાર્યકરો સફળ અને સુચારુ આયોજન કરશે. – શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---

ભાજપા મહિલા મોરચાના ૨૧,૨૨ ડિસેમ્બરના રોજ યોજાનાર બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનની તૈયારી અને વ્યવસ્થાના આયોજન માટે ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ અને ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના વડપણ હેઠળ શ્રી કમલમ્ ખાતે આજરોજ મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય અધિવેશનની તૈયારી માટે બનાવવામાં આવેલા ૨૫ જેટલા વિભાગોના મુખ્ય વ્યવસ્થા ઇન્ચાર્જો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્રજી યાદવની ઉપસ્થિતિમાં વિભાગવાર વ્યવસ્થા સંદર્ભે રિપોર્ટીંગ હાથ ધરાયુ હતુ.

અડાલજ પાસે આવેલા ત્રિમંદિર પરિસરમાં યોજાનારા રાષ્ટ્રીય અધિવેશનની આયોજન બેઠકને સંબોધતા ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવે જણાવ્યુ હતુ કે ગુજરાત ભાજપાના કર્મઠ અને રાષ્ટ્રભક્ત કાર્યકરો ભાગ્યશાળી છે કે ભાજપાના સ્થાપનાકાળથી અત્યાર સુધીના સૌથી મોટા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનને યોજવાની તક મળી છે. ગુજરાતના કાર્યકરો રાષ્ટ્રીય અધિવેશનનું સુચારુ અને સફળ, યશસ્વી અને રાષ્ટ્રને પથદર્શક આયોજન કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

તેઓશ્રીએ જણાવ્યુ હતુ કે, ભાજપાના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનમાં ભાજપાની સંગઠનની તાકાત, ચૂંટાયેલા પ્રતિનિધિઓની તાકાત ઓછી છે તેવો તમિલનાડુ, કેરળ, આંદામાન-નિકોબાર જેવા રાજ્યો સહિત રાષ્ટ્રભરમાંથી અપેક્ષિત હજારો મહિલા કાર્યકરો ઉપસ્થિત રહેશે. ગુજરાતની ભૂમિ પર "લઘુ ભારત" આ અધિવેશનમાં ઉપસ્થિત રહેશે.

મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનનું ઉદ્‌ઘાટન ગુજરાતના સપૂત અને રાષ્ટ્રની રાજનીતિના ચાણક્ય ભાજપાના **રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ** કરશે. રાષ્ટ્રીય અધિવેશનના સમાપન પ્રસંગે ગુજરાતના સપૂત, રાષ્ટ્રભક્ત **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** ઉપસ્થિત રહેશે.

ભાજપાના મહિલા મોરચાનું રાષ્ટ્રીય અધિવેશન ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટેનો મહત્વનો આધારસ્થંભ બનશે. રાષ્ટ્રીય સ્તરે નારીશક્તિ જાગરણનો રણટંકાર બનશે. રાષ્ટ્રના વિકાસમાં નારીશક્તિની ભાગીદારી વધે તે માટે આત્મવિશ્વાસ નિર્માણ કરનાર મહત્વનું સ્થાન બની રહેશે.

ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રી વિજ્યા રાહટકરે બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ટીમે અને સંગઠને રાષ્ટ્રીય અધિવેશનને એક અવસર તરીકે ઉપાડી લઇ ઝીણવટભર્યું વ્યવસ્થાપન ઉભું કરવાના પ્રયાસો કર્યા છે તે અભિનંદનીય છે. ગુજરાતના આંગણે રાષ્ટ્રભરમાંથી ઉપસ્થિત રહેનાર નારીશક્તિ જીવનનો એક આગવો વિશ્વાસ લઈને જશે તેવો આશાવાદ તેઓશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આજની વ્યવસ્થા બેઠકમાં ભાજપાના પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, મહિલા મોરચાના અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંડ્યા, રાજ્યમંત્રી મંડળના સદસ્ય શ્રી વિભાવરીબેન દવે, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઇ.કે.જાડેજા, મહામંત્રી શ્રી કે.સી.પટેલ, શ્રી ભરતસિંહ પરમાર, શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા સહિત અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ